


Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

(સોશ્યલ મિડીયા)

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર    Mo- 9016924808    સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-03, ISSUE- 42,(SURAT), DATE-08/04/2026, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૩, અંક-૪૨, (સુરત), તા.૦૮/૦૪/૨૦૨૬ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ગુજરાતમાં વસ્તી ગણતરી પર બ્રેક! સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને પગલે સરકારનો મોટો નિર્ણય

3 વાવ-થરાદઃ મૈત્રી કરારથી સાથે રહેતા પ્રેમીનું યુવતીના પરિવારે અપહરણ કરી તાલિબાની સજા આપી, ૨૪ સામે ફરિયાદ

4 કિમ-માંડવી રોડ પર ટ્રકની અડફેટે બે યુવાનોનાં મોતઃખાડાવાળા રસ્તાથી બચવા ટ્રક રોગ સાઈડમાં આવ્યો હતો


# એલપીજી અંગે કેન્દ્રનો મોટો નિર્ણયઃ તમામ રાજયો માટે ૫ કિલોના સિલિન્ડરની સપ્લાય ડબલ

દેશમાં વસતા પ્રવાસી મજૂરો માટે કેન્દ્ર સરકારે એક રાહતના સમાચાર આપ્યા છે. સરકારે રાજયોમાં શ્રમિકો માટે ઉપલબ્ધ ૫ કિલોના ફ્રી ટ્રેડ એલપીજી સિલિન્ડરનો દૈનિક પુરવઠો બમણો કરવાનો નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા નોટિફિકેશન મુજબ, સિલિન્ડરની આ વધારાની સપ્લાય અગાઉના સરેરાશ વિતરણના આધારે નક્કી કરવામાં આવશે. એટલે કે, જે વિસ્તારમાં અગાઉ જેટલી માંગ અને સપ્લાય હતી, તેને ધ્યાનમાં રાખીને હવે ત્યાં બમણો પુરવઠો પૂરો પાડવામાં આવશે. આ નવી વ્યવસ્થા માર્ચ મહિનામાં નક્કી કરાયેલી ૨૦ ટકાની મર્યાદા કરતાં પણ વધુ રહેશે, જેથી વધુમાં વધુ શ્રમિકો સુધી આ સુવિધા પહોંચી શકે.

કેન્દ્ર સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ વધારાના ૫ કિલોના સિલિન્ડર રાજ્ય સરકાર અને તેમના ખાદ્ય તથા નાગરિક પુરવઠા વિભાગોને સોંપવામાં આવશે, જેનું વિતરણ માત્ર પરપ્રાંતીય મજૂરો માટે જ કરવામાં આવશે. આ પ્રક્રિયામાં ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સંપૂર્ણ સહયોગ આપશે. સરકારે લોકોને ખાતરી આપી છે કે



વર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે પણ દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે, તેથી લોકોએ ગભરાઈને ખરીદી ન કરવી જોઈએ અને માત્ર સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવો જોઈએ.

આ સાથે જ ગ્રાહકોને ગેસ બુકિંગ માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરવાની અને વિતરકો પાસે બિનજરૂરી ભીડ ન કરવાની સલાહ આપવામાં આવી છે. સરકાર હાલમાં હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવા જરૂરી

**સરકારે લોકોને ખાતરી આપી છે કે વર્તમાન વૈશ્વિક સ્થિતિ વચ્ચે પણ દેશમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે**

ક્ષેત્રો માટે પાઇપ્ડ નેચરલ ગેસ અને ડોમેસ્ટિક એલપીજીની સપ્લાયને પ્રાથમિકતા આપી રહી છે. આ સિવાય, રિફાઇનરી ઉત્પાદન વધારવા અને શહેરી વિસ્તારોમાં બુકિંગ વચ્ચે ૨૫ દિવસ તથા ગ્રામીણ વિસ્તારોમાં ૪૫ દિવસનું અંતર રાખવા જેવા પગલાં લેવામાં આવ્યા છે. સરકારી આંકડા મુજબ, અત્યાર સુધી અંદાજે ૫૧ લાખ ડોમેસ્ટિક સિલિન્ડરનું વિતરણ કરવામાં આવ્યું છે અને ૯૫ ટકા બુકિંગ ઓનલાઇન થવાને કારણે વિતરણ વ્યવસ્થામાં પારદર્શિતા વધી છે.

# મતાધિકારનો ઉપયોગ કરવા સંદેશ અપાયો

## બેજ અને ગુજ્જપુર પ્રા.શા. દ્વારા મતદાન જાગૃતિ સાયકલ રેલી



**કુકરમુંડા-**તાંપી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈને વહીવટી તંત્ર દ્વારા આયોજન બદ્ધ તૈયારીઓ હાથ ધરાઈ છે, ત્યારે સ્વીપ કાર્યક્રમ અંતર્ગત, તાપીના કુકરમુંડા તાલુકાની પીએમશ્રી બેજ પ્રાથમિક શાળા તેમજ નિઝર તાલુકાની ગુજ્જરપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા આગામી ચૂંટણીમાં મહત્તમ મતદાન સુનિશ્ચિત કરવા જન જાગૃતિના ઉમદા આશય સાથે સાયકલ રેલી યોજી હતી.


મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી આ રેલીમાં શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ગ્રામજનો જોડાયા હતા. રેલીમાં વિદ્યાર્થીઓએ સાયકલ પર મતદાન આપણો અધિકાર છે મારો મત, મારી ઓળખ જેવા લખાણ ધરાવતા આકર્ષક પ્લેકાર્ડ્સ અને બેનરો થકી નાગરિકોને જાગૃત કર્યા હતા.

ગ્રામજનોએ પણ વિદ્યાર્થીઓના પ્રયાસને બિરદાવી આગામી ચૂંટણીમાં પ્રત્યેક મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરવા સંદેશ આપ્યો હતો.

**રેલીમાં વિદ્યાર્થીઓએ સાયકલ પર મતદાન આપણો અધિકાર છે મારો મત, મારી ઓળખ જેવા લખાણ ધરાવતા આકર્ષક પ્લેકાર્ડ્સ અને બેનરો થકી નાગરિકોને જાગૃત કર્યા હતા.**

# ધર્મની વ્યાખ્યા કરવી એ કોર્ટનું કામ નથીઃ સબરીમાલા વિવાદમાં કેન્દ્રનો સુપ્રીમ કોર્ટમાં જવાબ

સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજૂરી આપતા ૨૦૧૮ના સુપ્રીમ કોર્ટના ચુકાદા વિરુદ્ધ થયેલી પુનર્વિચાર અરજીઓ પર કેન્દ્ર સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. સુપ્રીમ કોર્ટમાં લેખિત દલીલો રજૂ કરતા કેન્દ્ર સરકારે આ પુનર્વિચાર અરજીઓનું સમર્થન કર્યુંછે. સરકારનુંકહેવું છે કે આ વિવાદ માત્ર સ્ત્રી-પુરુષ સમાનતાનો નથી, પરંતુ તે લોકોની ધાર્મિક આસ્થા, સદીઓ જૂની પરંપરા અને ધાર્મિક સંસ્થાઓની સ્વાયત્તતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. સોલિસિટર જનરલ તુષાર મહેતા દ્વારા રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે ધાર્મિક પરંપરાઓને આધુનિકતા, તર્ક કે વિજ્ઞાનના માપદંડો પર પરખવી એ કોર્ટ દ્વારા ધર્મના મામલામાં બિનજરૂરી દખલગીરી અથવા



ન્યાયિક અતિક્રમણ ગણાશે.

કેન્દ્ર સરકારે ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ અંગે સ્પષ્ટ મંતવ્ય આપતા જણાવ્યું છે કે કોર્ટે ધર્મની પોતાની રીતે વ્યાખ્યા કરવી જોઈએ નહીં. જો કોર્ટ ધાર્મિક પરંપરાઓને આજના આધુનિક માપદંડો કે વિજ્ઞાનના આધારે પરખવાનું શરૂ કરશે, તો તે ધર્મ પર પોતાના અંગત દાર્શનિક વિચારો થોપવા જેવું ગણાશે, જે બંધારણીય રીતે યોગ્ય નથી. સરકારનું માનવું છે કે કોઈ ધાર્મિક પ્રથા તર્કસંગત છે કે નહીં તે નક્કી કરવું એ બંધારણીય સમીક્ષાનો વિષય હોઈ શકે નહીં. વધુમાં, એવી દલીલ પણ કરવામાં આવી છે કે ન્યાયાધીશો પાસે ધાર્મિક ગ્રંથોનું અર્થઘટન કરવા માટે કે ધર્મને લગતા ગૂઢ પ્રશ્નોના ઉકેલ લાવવા માટે જરૂરી તાલીમ કે સંસ્થાકીય સક્ષમતા હોતી નથી.

કેન્દ્ર સરકારે કોર્ટ દ્વારા 'આવશ્યક ધાર્મિક પ્રથા' નક્કી કરવાના અધિકાર સામે સવાલ ઉઠાવતા જણાવ્યું છે કે, કોઈપણ પરંપરા ધર્મ માટે કેટલી અનિવાર્ય છે તે નક્કી કરવાનું કામ કોર્ટનું નહીં, પરંતુ તે ધાર્મિક સંપ્રદાયનું હોવું જોઈએ. સરકારના મતે, કોર્ટે ધાર્મિક બાબતોમાં માત્ર ત્યારે જ દખલ કરવી જોઈએ જ્યારે કોઈ પ્રથાથી જાહેર વ્યવસ્થા, લોકોના સ્વાસ્થ્ય, નૈતિકતા અથવા મૂળભૂત અધિકારોનું સીધું ઉલ્લંઘન થતું હોય. સબરીમાલા મંદિરના સંદર્ભમાં કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે ભગવાન અયપ્પા ત્યાં 'નૈષ્ઠિક બ્રહ્મચારી' સ્વરૂપે બિરાજમાન છે.

# પલસાણામાં ભારતીય જનતા પાર્ટીના નવનિર્મિત તાલુકા કાર્યાલયનું ઉદ્‌ઘાટન

**કાર્યાલય હવે વિસ્તારના ૩ લોકો અને કાર્યકર્તાઓ - માટે સેવાનું મુખ્ય કેન્દ્ર બનશે**

**ચલથાણ-** ભારતીય જનતા પાર્ટીના - ૪૭મા સ્થાપના દિવસ નિમિત્તે ૧ પલસાણા તાલુકા ભાજપ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે પલસાણા - તાલુકાના નવનિર્મિત ભાજપ કાર્યાલયનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, જે હવે વિસ્તારના લોકો અને કાર્યકર્તાઓ માટે સેવાનું મુખ્ય કેન્દ્ર બનશે. પલસાણા તાલુકા ભાજપના ૧ જૂના કાર્યાલયનું સંપૂર્ણ રિનોવેશન ૧ કરીને તેને આધુનિક ઓપ આપવામાં આવ્યો છે. સ્થાપના દિવસના પવિત્ર અવસરે આ કાર્યાલય પલસાણાની જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

આ પ્રસંગે જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મોહન આહીર, જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભાવિનીબેન પટેલ, સંગઠનના પ્રમુખ કૃણાલ પટેલ, મહામંત્રીઓ તેમજ તાલુકાના તમામ પાયાના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ભાજપના



**અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે કે આ કાર્યાલય થકી છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓ અને પક્ષની કામગીરી પહોંચે.**

વરિષ્ઠ વડીલો અને પૂર્વ કાર્યકર્તાઓને પણ વિશેષ આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા, જેમના માર્ગદર્શન હેઠળ પાર્ટી આજે આ મુકામ પર પહોંચી છે. આ પ્રસંગે કેતન પટેલે જણાવ્યું હતું કે, 'આજે ભાજપના સ્થાપના દિવસે પલસાણા તાલુકાની જનતા માટે આ આધુનિક કાર્યાલય સમર્પિત કરતા અમને ગર્વ છે. આગામી ચૂંટણીના માહોલમાં આ કાર્યાલયથી સંગઠન વધુ મજબૂત બનશે અને પ્રજાના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે.

અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે કે આ કાર્યાલય થકી છેવાડાના માનવી સુધી સરકારી યોજનાઓ અને પક્ષની કામગીરી પહોંચે.' નવા કાર્યાલયના પ્રારંભ સાથે જ કાર્યકર્તાઓમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આગામી સમયમાં આ કેન્દ્રથી જ તાલુકાની તમામ રાજકીય અને સામાજિક ગતિવિધિઓનું સંચાલન કરવામાં આવશે.

# સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્થાપના દિવસની ઉજવણી

**ચલથાણ-** ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિવસ નિમિત્તે સુરત જિલ્લા ભાજપા કાર્યાલય શ્રી કમલમ બારડોલી ખાતે જિલ્લા ભાજપા પ્રમુખશ્રી ભરતભાઈ રાઠોડજીના અધ્યક્ષ સ્થાને ભાજપના ધ્વજ લ્હેરાવવાનો તેમજ કાર્યકર્તાઓ સાથે સ્થાપના દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. આજના પ્રસંગે વક્તા તરીકે કરશન ટીલવા (નવસારી), તેમજ મહુવા વિધાનસભાનાઆદરણીય



ધારાસભ્ય મોહન ઢોડિયા, જિલ્લા મહામંત્રી જગદીશ પારેખ, રોહિત પટેલ, અંકુર દેસાઈ તથા જિલ્લા સંગઠન ના હોદેદારો, આગેવાનો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પ્રમુખ ભરત રાઠોડે સ્વાગત પ્રવચન કર્યું હતું.જ્યારે વક્તા કરશન ટીલવાએ પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.


॥ શ્રી સદ્‌ગુરૂ કૃપા ॥
જીતેન્દ્રસિંહ પરમાર
Mo. 97274 10292
94268 10292
શ્રી બાલાજી
ડાઈનીંગ હોલ
ગુજરાતી થાળી મળશે.
જમવાનું ૧૩૦/-
પાર્સલ ૧૫૦/-
શુધ્ધ શાકાહારી સ્વાદીષ્ટ ભોજન તથા શુભ પ્રસંગે ડિશ પ્રમાણે ઓર્ડર લેવામાં આવશે.
મેરીયોટવિલા ની સામે, ઘામળોદ રોડ, બારડોલી



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક અખબાર (સુરત)
YouTube
GUJARAT AATMIYATA
www.gujarataatmiyata.in

ATMIYA PROPERTIES
Atmiya Propaties Bardoli
Mo: 9016924808
ખેતીલાયક જમીન . ફાર્મ હાઉસ .
દુકાન પ્લોટ ફ્લેટ . રો હાઉસ.
ખરીદવા અને વેચવા .લોન મેળવવા માટે .
બારડોલી માં ફ્લેટ અને રો હાઉસ
ભાડે થી આપવા અને લેવા માટે સંપર્ક કરો....
શાસ્ત્રી રોડ, બારડોલી

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ગુજરાતમાં વસ્તી ગણતરી પર બ્રેક! સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને પગલે સરકારનો મોટો નિર્ણય



ગુજરાતમાં વહીવટી તંત્ર અત્યારે ચૂંટણીના મોડમાં આવી ગયું છે. રાજયમાં આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને, હાલ પૂરતી વસ્તી ગણતરીની કામગીરી મોકૂફ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાત, દીવ-દમણ અને દાદરા નગર હવેલીના ડાયરેક્ટર ઓફ સેન્સસ ઓપરેશન સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, રાજયમાં સ્થાનિક ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ૫મી તારીખથી શરૂ થનારી વસ્તી ગણતરી (સેન્સસ) ની પ્રક્રિયા હવે ચૂંટણીઓની પૂર્ણાહુતિ બાદ હાથ ધરવામાં આવશે. હાલમાં શિક્ષકો અને અન્ય વહીવટી સ્ટાફ ચૂંટણીની કામગીરીમાં રોકાયેલ હોવાથી આ પ્રક્રિયા પોસ્ટપોન (મોકૂફ) રાખવામાં આવી છે. ચૂંટણી કાર્ય પૂર્ણ થયા બાદ વસ્તી ગણતરીની કામગીરી ફરી શરૂ કરાશે. વિભાગની રજૂઆતને પગલે સરકાર દ્વારા આ અંગેનું સત્તાવાર ગેઝેટ બહાર પાડીને જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા મહત્ત્વનું જાહેરનામું

'જૂનો આદેશ રદ: ગુજરાત સરકારે સામાન્ય વહીવટ વિભાગના ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા જાહેરનામા (નંબર: GS/2026/02/GAD/VST/e-file/1/2026/0258/S) ને તાત્કાલિક અસરથી રદ કર્યો છે. 'કાયદાકીય જોગવાઈ: આ નિર્ણય 'ગુજરાત જનરલ ક્લોઝિસ એક્ટ, ૧૯૦૪' ની કલમ ૨૧ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને લેવામાં આવ્યો છે. 'સત્તાવાર મંજૂરી: આ આદેશ ગુજરાતના રાજયપાલના નામથી ડેપ્યુટી સેક્રેટરી માયા એમ. ડાભી દ્વારા બહાર પાડવામાં આવ્યો છે.

ચૂંટણીના કારણે કેમ લેવાયો નિર્ણય?

વસ્તી ગણતરી અને ચૂંટણી બંને પ્રક્રિયામાં મોટાભાગે શિક્ષકો અને મહેસૂલી કર્મચારીઓની જરૂર પડતી હોય છે. એકસાથે બે મોટી જવાબદારીઓ સંભાળવી કર્મચારીઓ માટે મુશ્કેલ હોવાથી અને ચૂંટણીની કામગીરી અતિ મહત્વની હોવાથી સરકારે વસ્તી ગણતરીના પ્રથમ તબક્કાને હાલ પૂરતો અટકાવ્યો છે.

ચૂંટણી ડ્યુટીમાં લાખો કર્મચારીઓ રોકાયેલા હોવાથી વસ્તી ગણતરી માટે સ્ટાફ ફાળવવો મુશ્કેલ બન્યો છે. રાજયમાં ચૂંટણીને કારણે આચારસંહિતા અમલી હોવાથી સરકારી તંત્રનું પૂરું ધ્યાન કાયદો અને વ્યવસ્થા તેમજ મતદાન પ્રક્રિયા પર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મે મહિનામાં ચૂંટણીના પરિણામો જાહેર થયા બાદ વસ્તી ગણતરીનું કામ ફરીથી નવા ટાઈમટેબલ સાથે શરૂ કરવામાં આવશે.

ગુજરાતમાં વસ્તી ગણતરી (Census 2026-27)ના પ્રથમ તબક્કાની કામગીરી અને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ બંને એકસાથે આવતા હોવાથી વહીવટી પ્રક્રિયામાં થોડો ફેરફાર જોવા મળી રહ્યો છે. રાજયમાં ૧૫ મહાનગરપાલિકાઓ, જિલ્લા અને તાલુકા પંચાયતોના જંગ વચ્ચે વસ્તી ગણતરી પાછી ઠેલાતા હવે આ કામગીરી વેકેશનના ગાળામાં અથવા ચોમાસા પહેલા પૂર્ણ કરવામાં આવે તેવી શક્યતા જોવાઈ રહી છે.

### ચૂંટણી જાહેર થતાં જ તંત્ર એક્શન મોડમાં:

## ૨૭ નોડલ ઓફિસર તૈનાત, ૬૦૦૦ કર્મચારીઓને ચૂંટણી ડ્યુટીના આદેશ; સુરતના રસ્તાઓ પરથી રાજકીય હોર્ડિંગ્સ-બેનરોનો સફાયો



સુરત- સુરત સહિત સમગ્ર રાજયમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનું રણશિંગુ ફૂંકાઈ ગયું છે. રાજય ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવતાની સાથે જ ડાયમંડ સિટી સુરતમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકાનું તંત્ર 'એક્શન મોડ'માં આવી ગયું હતું. મનપા કમિશનરના આદેશ અનુસાર, શહેરના તમામ ૯ ઝોનમાં સવારથી જ રાજકીય પ્રચારના સાહિત્ય દૂર કરવાની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરાઈ હતી.

જાહેર માર્ગો, સરકારી ઇમારતો, વીજળીના થાંભલા અને બ્રિજ પર લાગેલા રાજકીય પક્ષોના બેનરો, હોર્ડિંગ્સ અને ધજા-પતાકાઓને ક્રેન અને જેસીબીની મદદથી હટાવી લેવામાં આવ્યા છે. તંત્રદ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, ખાનગી મિલકત પર પણ પરવાનગી વગર લગાવવામાં આવેલા બેનરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

વહીવટી તંત્રને સુચારૂ રીતે ચલાવવા અને ચૂંટણી પ્રક્રિયા પારદર્શક બનાવવા માટે સુરત મનપા દ્વારા મોટા પાયે નિમણૂંકો કરવામાં આવી છે. ડેપ્યુટી કમિશનર આર.બી. ભોગાયતાને મુખ્ય નોડલ ઓફિસર તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે.

### અતિશય ગંદકી છતાં સફાઈનો અભાવ

## હથોડા ગામના તળાવમાં લીલ જામી જતા નાક ફાડી નાંખે તેવી ભારે દુર્ગંધથી લોકો ત્રાહિમામ



**કુકરમુંડા**-કુકરમુંડા તાલુકાના મટાવલ ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવેશ મૌજે હથોડા ગામમાં આવેલા તળાવમાં લીલ જામી જતાં નાક ફાડી નાખે તેવી ભયંકર દુર્ગંધ ફેલાઈ રહી છે. જેના કારણે ગામજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

આ ગામમાં છેલ્લા કેટલાક સમયથી તળાવમાં લીલ સાથે ભારે ગંદકી થઇ રહી છે. તેમ છતાં પણ ગ્રામ પંચાયતના જવાબ દારો હજુ સુધી તળાવનું સાફ સફાઈ જ કરાવ્યું નથી. આ તળાવમાં થઇ રહેલ લીલ અને ગંદકીના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. જેથી ગામજનોમાં સાદો તાવ, ઝેરી મલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગોનો ફાટી નીકળ વાનો ભય લાગી રહ્યો છે. આ તળાવમાંથી આવતી ભારે દુર્ગંધના લીધે ળાવની આસપ સથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. ગામના લોકોને પડતી મુશ્કલીઓને ધ્યાનમાં લઈ મટાવલ ગ્રામ પંચાયતના જવાબ દારો વહેલી તકે આ તળાવની સાફસફાઇ કરાવે તેવી માંગ લોકોમાં ઉઠી છે.

### ૧૦ દિવસથી ધુમાડાનું 'તાંડવ, લોકો ઘરમાં પણ માસ્ક પહેરવા મજબૂર

# ખજોદ ડમ્પિંગ સાઈટની આગ મુસીબત બની, અનેક સોસાયટીના લોકોએ આપી ચૂંટણી બહિષ્કારની ધમકી



સુરત- સુરત મહાનગરપાલિકા ભલે સ્વચ્છતા સર્વેક્ષણમાં એવોર્ડ જીતતી હોય, પરંતુ શહેરના ખજોદ વિસ્તારની વાસ્તવિકતા કંઈક અલગ જ અને ડરામણી છે. છેલ્લા ૧૦ દિવસથી ખજોદ ડમ્પિંગ સાઈટમાં લાગેલી ભીષણ આગ હવે માત્ર કચરો નથી સળગાવી રહી, પણ હજારો લોકોના શ્વાસ પણ રૂંધી રહી છે. સરસાણાના આગમ હાઈટ્સ અને સનફ્લાવર જેવી સોસાયટીના રહીશોએ હવે સીધો જ હુંકાર કર્યો છે કે, પહેલા આગ બુઝાવો, પછી જ વોટ માંગવા આવજો.

ખજોદની આસપાસના વિસ્તારોમાં સ્થિતિ એવી છે કે લોકોએ પોતાના જ ઘરોમાં કેદ થવું પડ્યું છે. 'આગમ હાઈટ્સ' સોસાયટીના રહીશ પ્રકાશભાઈએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, હું સિનિયર સિટીઝન છું, મારે શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે. છેલ્લા ૧૦ દિવસથી ધુમાડો એટલો વધી ગયો છે કે, બારીઓ ખોલવી તો દૂરની વાત, બહાર નીકળવું પણ જોખમી બન્યું છે.

ચૂંટણીનો માહોલ જામ્યો છે, ત્યારે નેતાઓ માટે આ માઠા સમાચાર છે. આગમ હાઈટ્સના રહીશોએ એકસૂરે નક્કી કર્યું છે કે, જો આગ અને ધુમાડાનો કાયમી ઉકેલ નહીં આવે તો તેઓ ચૂંટણીનો બહિષ્કાર કરશે. અત્યાર સુધી કોઈ કોર્પોરેટર ડોકાયું નથી. જો તેમને અમારા જીવની પડી નથી, તો અમને તેમના વોટની પડી નથી. માત્ર એક જ સોસાયટીના ૨૦૦૦થી વધુ વોટ કપાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

સોસાયટીના રહીશોનો ગંભીર આક્ષેપ છે કે, દર ૧૫-૨૦ દિવસે અહીં આગ લાગે છે. શું આ કુદરતી છે કે જાણીજોઈને લગાડવામાં આવે છે? કચરાના નિકાલ માટે કરોડોના કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે, છતાં કચરો સળગાવવાની ફરજ કેમ પડે છે? શું કચરો ઓછો બતાવવા માટે આ 'આગનું કૌભાંડ' આચરવામાં આવે છે? જખઈએ આના પર તાત્કાલિક તપાસ બેસાડવી જોઈએ.

સનફ્લાવર ૧-અના પ્રેસિડેન્ટ તજિંદરભાઈએ જણાવ્યું હતું કે, અમે અત્યારે નરક જેવી સ્થિતિમાં જીવી રહ્યા છીએ. આ એક પ્રકારનું 'મિની લોકડાઉન' છે. બાળકો નીચે રમવા જઈ શકતા નથી, વૃદ્ધોને ગભરામણ થાય છે. અમારે ગાડી લઈને નીકળવું હોય તો પણ નાક પર રૂમાલ બાંધવો પડે છે. શું આ જ સ્માર્ટ સિટી છે?

ખજોદ નજીકના વિસ્તારના ૩૦૦૦ થી વધુ પરિવારોએ હવે મન બનાવી લીધું છે. જો આગામી દિવસોમાં યુદ્ધના ધોરણે આ આગ નહીં બુઝાય અને કચરાના નિકાલની વૈજ્ઞાનિક પદ્ધતિ અમલમાં નહીં આવે, તો રહીશો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરશે અને કાયદેસરની કાર્યવાહી કરવાની પણ તૈયારી દર્શાવી છે. એવોર્ડ જીતવા અને મેડલ મેળવવા એ સારી વાત છે, પણ જયારે શહેરનો એક મોટો હિસ્સો ઝેરી ધુમાડામાં ગૂંગળાઈ રહ્યો હોય, ત્યારે એવોર્ડની ચમક ઝાંખી પડી જાય છે. તંત્રએ જાગવાની જરૂર છે.

## કુકરમુંડા, ગાડિત વિસ્તારમાં પાટીમાતાના મેળાની આડ લઈને બેફામ દારૂનું વેચાણ



કુકરમુંડા- કુકરમુંડા તાલુકામાં સમાવેશ મૌજે પાટીગામમાં હનુમાન જયંતીના પવિત્ર અવસર ઉપર ત્રણ દિવસ સુધી પરંપરાગત અનુસાર ભરાયેલ પાટીમાતાના મેળાની આડ લઈને કુકરમુંડા અને ગાડિત સહીતના વિસ્તારમાં બુટલેગરો બેફામ બન્યા હોવાનું સામે આવ્યું છે.

મૌજે કુકરમુંડા સહીતના વિસ્તારોમાં મેળાની આડમાં ખુલ્લેઆમ બુટલેગરો દ્વારા ભારતીય બનાવટી ઈંગ્લીશ દારૂ તેમજ દેશીદારૂનું ધુમ વેચાણ કરવામાં આવ્યું હોવાનું લોકોમુખે જોરશોરથી ચર્ચાઓ થઇ રહી છે. ઉલ્લેખનીય એ છે. કે, અહીં પાટીગામ ખાતે હનુમાન જયંતી ઉપર ભરાયેલ આ પાટીમાતાના મેળામાં ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા રાજયોમાંથી હજારોની સંખ્યા ઉમટી પડ્યા હતા. જે મેળાની આડ લઇને આજુબાજુના વિસ્તારમાં બુટલેગરોએ ખુલ્લેઆમ કોઈનો ડર વગર ઈંગ્લીશ દારૂ કે, દેશીદારૂનો બેફામ વેપલો કર્યો હતો. અહીં બુટલેગરોએ દારૂબંધી કાયદાનું ખુલ્લેઆમ ધજાગરા ઉડાવ્યા હોવા છતાં પણ સ્થાનિક પોલીસ તંત્ર મૌન કેમ ? તેવા સવાલ પોલીસ સામે ઉભા થઇ રહ્યા છે. મેળાની આડમાં કુકરમુંડા અને ગાડિત સહીતના વિસ્તારોમાં બુટાલેગરો દ્વારા વેચાણ કરવામાં આવેલા ઈંગ્લીશ અને દેશીદારૂની બાટલીઓ સાથે પ્લાસ્ટિકના ગ્લાસો કોથળાઓમાં ભરી રાખેલા જોવા મળી આવ્યા હતા. જેના પરથી સ્પષ્ટ થાય છે.કે, આ પાટીમાતાના મેળાની આડ લઈને બુટલેગરો દ્વારા બેફામ ગેર કાયદેસર રીતે ઈંગ્લીશ અને દેશીદારૂનું વેચાણ કર્યું છે.

## મિલ્કમાં યુરિયા છે કે પાણી? સેકન્ડોમાં ટેસ્ટ, નકલી દવા-કફ સીરપની પણ થશે તપાસ; સુરતમાં ૫૦ કરોડની હાઈટેક લેબ બનશે



સુરત- દક્ષિણ ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી નકલી પનીર, મિલાવટી મસાલા અને ભેળસેળિયા દૂધના કૌભાંડોએ માઝા મૂકી છે. આ ગંભીર સ્થિતિને જોતા રાજય સરકારે સુરત ઝોન સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતને મોટી ભેટ આપી છે. રાજય સરકાર દ્વારા સુરતમાં ૫૦ કરોડના માતબર ખર્ચે અત્યાધુનિક ફૂડ એન્ડ ડ્રગ્સ ટેસ્ટિંગ લેબોરેટરી બનાવવાની મંજૂરી આપી દેવામાં આવી છે. આ લેબ શરૂ થવાથી માત્ર ખોરાક જ નહીં, પણ નકલી દવાઓ વેચતા માફિયાઓ પર પણ સકંજો કસાશે.

હવે ગણતરીની સેકન્ડોમાં જ રદૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જશે. દૂધમાં યુરિયા છે કે પાણી? તેનો ટેસ્ટ સેકન્ડોમાં થઈ જશે. નકલી દવા-કફ સીરપની પણ તપાસ થશે.

અત્યાર સુધી દૂધમાં પાણી કે યુરિયાની ભેળસેળ તપાસવા માટે લાંબી પ્રક્રિયા કરવી પડતી હતી, પરંતુ નવી લેબમાં એવી અત્યાધુનિક ટેક્નોલોજી હશે જે ગણતરીની સેકન્ડોમાં જ દૂધનું દૂધ અને પાણીનું પાણી કરી દેશે. રાજય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરિયાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, દૂધમાં યુરિયાની હાજરી છે કે વધુ પડતું પાણી, તેનો ટેસ્ટ આ લેબમાં ત્વરિત પ્રાપ્ત થશે. જેનાથી સામાન્ય જનતાના સ્વાસ્થ્ય સાથે ચેડા કરનારા તત્વોને પકડવા સરળ બનશે.

સુરત અને આસપાસના જિલ્લાઓમાં માત્ર ખાદ્ય પદાર્થો જ નહીં, પરંતુ દવાઓમાં પણ ભેળસેળના કિસ્સાઓ ચિંતાનો વિષય બન્યા છે.

## થોરિયમથી બદલાશે ભારતનું ભવિષ્ય! કલ્પક્કમ રિએક્ટરની મોટી સફળતા, PM મોદીએ પાઠવી શુભેચ્છા



**સફળતા ભારતના વિશાળ થોરિયમ ભંડારના ઉપયોગ માટેનો પાયો નાંખશે, જે ભારતના પરમાણુ કાર્યક્રમનો ત્રીજો અને સૌથી મહત્ત્વનો તબક્કો છે.**

ભારત સિવિલ ન્યૂક્લિયર ઉર્જાના ક્ષેત્રમાં શક્તિશાળી દેશ બનવા તરફ એક ડગલું વધુ આગળ વધ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે, તમિલનાડુના કલ્પક્કમમાં ભારતીય વૈજ્ઞાનિકો દ્વારા ડિઝાઈન અને નિર્મિત એડવાન્સ્ડ ન્યૂક્લિયર રિએક્ટર સફળતાપૂર્વક 'ક્રિટીકેલિટી' પર પહોંચી ગયું છે. આ સફળતા સાથે જ ભારત રશિયા પછી કોમર્શિયલ ફાસ્ટ બ્રીડર રિએક્ટર ચલાવનાર વિશ્વનો બીજો દેશ બનવા જઈ રહ્યો છે.

આ રિએક્ટરની સૌથી મોટી વિશેષતા એ છે કે તે પોતાની જરૂરિયાત કરતા પણ વધારે ઈંધણ ઉત્પન્ન કરી શકે છે. વડાપ્રધાન મોદીએ તેને ભારતની વૈજ્ઞાનિક ક્ષમતા અને એન્જિનિયરિંગ કૌશલ્યનું પ્રમાણ ગણાવ્યું છે. આ સફળતા ભારતના વિશાળ થોરિયમ ભંડારના ઉપયોગ માટેનો પાયો નાંખશે, જે ભારતના પરમાણુ કાર્યક્રમનો ત્રીજો અને સૌથી મહત્ત્વનો તબક્કો છે.

ભારત પાસે વિશ્વનો સૌથી મોટો થોરિયમનો જથ્થો છે. આ એડવાન્સ્ડ રિએક્ટરની સફળતા બાદ ભારત હવે પરદેશી યુરેનિયમ પર નિર્ભર રહેવાને બદલે પોતાના સંસાધનોથી ઉર્જા પેદા કરી શકશે. માર્ચ ૨૦૨૪માં પીએમ મોદીએ પોતે આ રિએક્ટરના 'કોર લોડિંગ'નું નિરીક્ષણ કર્યું હતું, જેનું પરિણામ આજે 'ક્રિટીકેલિટી' સ્વરૂપે જોવા મળ્યું છે.

## પરંપરાગત પાટીમાતાનો મેળો યોજાયો:પાટીમાતાના મેળામાં ૩ રાજયોના લોકો ઉમટ્યા,બળદ બજાર બન્યું આકર્ષણું કેન્દ્ર



કુકરમુંડા- કુકરમુંડા તાલુકાના પાટીગામે હનુમાન જયંતિના પવિત્ર અવસરે પરંપરાગત ત્રણ દિવસીય પાટીમાતાના મેળો ભરાયો હતો. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર તેમજ મધ્યપ્રદેશમાંથી હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા.

મેળામાં આવનારા લોકોના મનોરંજન માટે આદિવાસી સંગડીયા પાર્ટીઓ સાથે ચક્કરડાઓ, બાળકો માટે રમત ગમતના સાધનો સહીત ૩૦૦ થી પણ વધુ જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓ, રમકડાઓ સહીત વિવિધ પ્રકારના સ્ટોલો લાગ્યા હતા.

મેળામાં ધરતીપુત્રો સાથીદાર એવા બળદો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. અંદાજે ૫,૦૦૦થી પણ વધુ બળદો ખરીદ - વેચાણ માટે લઇ આવ્યા હતા. જેમાં એક બળદ જોડી રૂ. ૧.૩૦ લાખમાં વેચાઇ હતી. જોકે બળદ જોડીનો ભાવ ૩૦ હજારથી લઇને ૧.૫૦ લાખ સુધી બોલાયો હતો. ઉપરાંત જીવન જરૂરિયાત ચીજોથી લઈ ખેતીવાડીના સાધનોનું પણ ખુબ મોટા પ્રમાણમાં ખરીદ - વેચાણ થયું હતું.

ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ.......



તંત્રી-
હિમાંશુસિંહ ઠાકોર

### આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ તમને જૂઠી ઇન્ફોર્મેશન આપી શકે?

જેમ રોબોટિક સર્જરીમાં રોબોટ મદદરૂપ થાય છે તેમ પેથોલોજી ક્ષેત્રે એઆઈ ડેટાના આધારે નિદાન અને સારવાર કરે છે

આ ર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સની ચર્ચા આજે ઠેર ઠેર થઈ રહી છે. સામાન્ય માણસની સમજની બહારની વાત છે કારણ કે તે અતિ આધુનિક ટેકનિક છે. વિવિધ ક્ષેત્ર તેમનો ઉપયોગ શરૂ થયો છે. ક્યાંક તે સ્પષ્ટ બોલે છે તો ક્યાંક લોચા પણ વાળે છે. એટલે બેધારી તલવાર જેવું છે.

તબીબી ક્ષેત્રે તેને સમજવા ડોક્ટરોના એસોસીએશનો સેમિનાર યોજી રહ્યા છે. રેડિયોલોજી અને પેથોલોજીમાં તેનો ઉપયોગ ઝડપથી થઈ રહ્યો છે. આ બે ક્ષેત્રો એવા છે જે વિઝ્યુઅલ એનાલાયસિસ પર ભારે વિશ્વાસ રાખે છે.

એમઆરઆઈ, સીટી સ્કેન અને એક્સ-રે ની ઇમેજમાં રહેલી અસામાન્યતા ઓળખવા માટે એઆઈનો ઉપયોગ થાય છે. હેલ્થકેર ઇન્ડસ્ટ્રીઝમાં મોડું થાય એ જીવનમરણનો પ્રશ્ન થઈ જાય છે. પરંતુ એઆઈ ઝડપથી નિદાન કરી ટ્રીટમેન્ટ સજેસ્ટ કરે છે. અમેરિકાની કેટલીક હોસ્પિટલમાં એઆઈ પાવર્ડ હેલ્થકેર સોલ્યુશનનો ઉપયોગ થાય છે.

બોસ્ટનમાં આવેલી બોય હેલ્થ માં એઆઈના ઉપયોગ વડે રોગનું નિદાન અને સારવાર થાય છે. આ માટે તે અલ્ગોરિધમનો ઉપયોગ કરે છે. અહીં ચેટબોટ દર્દીના રોગના ચિન્હો સાંભળે છે, તેની તબિયત વિશે જાણે છે અને અંતે પોતાના નિદાન પ્રમાણે તે દર્દીને સાચી કાળજીનો માર્ગ દેખાડે છે. જેમ રોબોટિક સર્જરીમાં રોબોટ મદદરૂપ થાય છે તેમ પેથોલોજી ક્ષેત્રે એઆઈ ડેટાના આધારે નિદાન અને સારવાર કરે છે.

એક અભ્યાસ પ્રમાણે એઆઈ એક ડબલ ધારવાળી તલવાર છે. તે સાચા નિદાન આપે છે પરંતુ જયારે આ મોડેલ બાયેસ્ડ મેડિકલ ડેટા ગ્રહણ કરે છે ત્યારે ખૂબ ખરાબ નિર્ણયો સૂચવે છે. આ માટે આપણએ સજાગ રહેવું પડશે.

જામા માં પ્રકાશિત એક લેખ પ્રમાણે એઈઆઈના વર્ણનો આપ્યા છતાંયે બાયેસ્ડ એઆઈ મોડેલ વડે ક્લિનિશ્યનો મૂર્ખ બની જાય છે. તમારે એઆઈના વર્ણનને ધ્યાનથી સમજવું જરૂરી છે.

ટેકનિશ્યનો કરતાં એઆઈ પોતાનું કામ ઝડપથી કરે છે અને સમય બચાવે છે. આવું હોય તો લોકોને નોકરીએ રાખવાની ક્યાં જરૂર છે. નોકરી પર યુવાનો કેટલાં સુસ્ત હોય છે તેનો દરેક માલિકો જાણે છે. જેમ જેમ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સનો વિકાસ થશે તેમ તેમ માણસને સ્થાને કોમ્પ્યુટર જ કામ કરી લેશે.

તમે કસ્ટમર કેરમાં કોઈ ફરિયાદ કે તપાસ કરો ત્યારે તમારા ફોનમાં પેલો એક્ઝીક્યુટીવ હવે આવતો નથી. ચેટ માટે એ-આઈ આવી જાય છે. ૩૭ ટકા બિઝનેસ લિડર્સનો સર્વે કહે છે કે ૨૦૨૩ માં એ-આઈ એ અનેક લોકોને બેકાર કરી દીધા હતા. એન્ટ્રી લેવલના અનેક જોબ પર હવે એ-આઈ ડયુટી બજાવે છે! જેન એ.આઈ. વધુ સ્માર્ટ છે તેની પાસે લાર્જ લેન્ગવેજ મોડેલ છે જે કસ્ટમર સર્વિસ જેવી લેવલ-૧ ની નોકરી માટે પડકાર રૂપ બની રહ્યું છે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે

● ૫-સિટર ● ૭-સિટર ●





સંપર્ક- અનિલભાઈ મો.97242 60058

## સુરત મનપાની ચૂંટણીમાં 'પર્સ અને સાડી'ના જોરે જંગ જિતાશે?






સુરત- સુરત મહાનગરપાલિકાની ચૂંટણીના ઢોલ વાગી ચૂક્યા છે ત્યારે ડાયમંડ સિટીના રાજકીય ગલિયારાઓમાં ગરમાવો જોવા મળી રહ્યો છે. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચેના ત્રિ-પાંખિયા જંગમાં હવે માત્ર સભાઓ અને રેલીઓ જ નહીં 'પ્રચાર સામગ્રી' પણ હથિયાર બની છે. સુરતના બજારોમાં અત્યારે દરેક પક્ષના ઝંડા, ટોપી અને ખેસની સાથે અવનવી વેરાયટીઓનો પૂર આવ્યો છે. ઉમેદવારો જાહેર થાય તે પહેલા જ પક્ષના કાર્યકરોએ મતદારોના ઘર સુધી પહોંચવા માટે આકર્ષક પ્રચાર સાહિત્યનું બુકિંગ કરાવી દીધું છે. આ વખતની ચૂંટણીમાં પરંપરાગત પ્રચારના બદલે હાઈટેક પ્રચાર પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે. બજારમાં અત્યારે સૌથી વધુ ડિમાન્ડ 3D ઇફેક્ટ ધરાવતી પ્રચાર સામગ્રીની છે. ખાસ કરીને ડિજિટલ પ્રિન્ટવાળા ખેસ અને ઝંડાઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, પહેલા સામાન્ય કાપડ પર સ્ક્રીન પ્રિન્ટિંગ થતું હતું, પરંતુ હવે ડિજિટલ પ્રિન્ટિંગને કારણે નેતાઓના ચહેરા વધુ સ્પષ્ટ અને આકર્ષક દેખાય છે. આ સામગ્રી માત્ર દેખાવમાં જ નહીં પણ ક્વોલિટીમાં પણ ઉચ્ચ કક્ષાની હોવાથી કાર્યકરો તેની વધુ પસંદગી કરી રહ્યા છે. સુરત એ કાપડનું હબ છે અને તેનો પ્રભાવ ચૂંટણી પ્રચારમાં પણ જોવા મળી રહ્યો છે. મહિલા મતદારોને આકર્ષવા માટે રાજકીય પક્ષોએ ખાસ ડિઝાઈન કરેલી સાડીઓ તૈયાર કરાવી છે. જે સાડી પર પક્ષના ચિન્હ અને નેતાઓની છબી છે. આ ઉપરાંત લેડીઝ પર્સ, સાડી પિન, બક્લ અને બ્રોચ જેવી ચીજોની પણ ભારે માંગ છે.

## LPG સંકટનો તોડ શોધ્યો સરકારે, ૫ KG વાળા સિલિન્ડરનો સપ્લાય વધાર્યો, ID બતાવો અને લઈ જાઓ




અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધનું પાંચમું અઠવાડિયું ચાલી રહ્યું છે અને હાલમાં આ યુદ્ધનો અંત આવે એવા કોઈ સંકેત નથી દેખાઈ રહ્યા. રવિવારે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને એક નવી ધમકી આપીને તણાવ વધારી દીધો છે. આ સાથે જ હોર્મુઝ સ્ટ્રેટ પર રાહતની આશા પણ ઓછી થઈ ગઈ છે, જેના કારણે વિશ્વભરમાં તેલ અને ગેસ સંકટ વધુ ઘેરું બન્યું છે. ભારતમાં પણ કડની અછત જોવા મળી, પરંતુ નરેન્દ્ર મોદી સરકારે LPG ઉત્પાદન વધારવા અને આયાતમાં ડાયવર્સિફિકેશન સહીત અન્ય ઉપાયો દ્વારા પરિસ્થિતિને વધુ ખરાબ ન થવા દીધી.

જોકે, આ વચ્ચે LPG ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈનો ચોક્કસ જોવા મળી, પરંતુ સરકાર દ્વારા સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે, ભારત પાસે પૂરતો સ્ટોક છે અને પેનિક બાયિંગ ની જરૂર નથી. હવે LPG સંકટનો તોડ શોધી કાઢતા સરકારે ડિમાન્ડ પૂરી કરવા માટે ૫ KG વાળા સિલિન્ડરનો સપ્લાય વધાર્યો છે.

આ ૫ કિલોગ્રામ વાળા નાના LPG સિલિન્ડરો LPG ડીલર્સના કાઉન્ટર પર જ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે અને તેના વેચાણમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. પેટ્રોલિયમ મંત્રાલયે જાણકારી આપતા જણાવ્યું કે, ૨૩ માર્ચથી અત્યાર સુધીમાં દેશમાં લગભગ ૬.૬ લાખ સિલિન્ડર વેચાઈ ચૂક્યા છે.

એક અહેવાલ પ્રમાણે સબસિડીવાળા ઘરેલુ ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરોથી વિપરીત આ ૫ KG વાળા LPG બાટલાને FTL Cylinder કહેવામાં આવે છે. તે માર્કેટ ભાવે ઉપલબ્ધ છે અને નજીકના કોઈપણ ગેસ ડીલર પાસેથી ખરીદી શકાય છે. સૌથી મહત્વની વાત એ છે કે, આ નાના સિલિન્ડર ખરીદવા માટે કોઈ પણ પ્રકારનું એડ્રેસ પ્રૂફ બતાવવાની જરૂર નથી. તમારી પાસે ફક્ત માન્ય ઓળખ પત્ર હોવું જોઈએ અને તે બતાવ્યા બાદ તમને એ આપી દેવામાં આવે છે. સરકારે LPG ની માંગને પહોંચી વળવા માટે આ સિલિન્ડરોના પુરવઠામાં વધારો કર્યો છે.

આ પહેલા ગત શનિવારે પણ સરકારે એક નિવેદન જારી કરીને લોકોને પેટ્રોલ, ડીઝલ અને LPGની ગભરાટમાં ખરીદી ટાળવા વિનંતી કરી હતી. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સરકાર પેટ્રોલિયમ ઉત્પાદનો અને રસોઈ ગેસની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે સક્રિય પગલાં લઈ રહી છે.

આ સાથે જ તેલ અને LPG ના સંગ્રહખોરી અને કાળાબજાર સામે કાર્યવાહી ચાલુ છે. આ કાર્યવાહી હેઠળ ૩,૦૦૦ થી વધુ દરોડા પાડવામાં આવ્યા છે અને LPG વિતરકોને લગભગ ૧,૦૦૦ કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. આ ઉપરાંત અત્યાર સુધીમાં ૩૬ ડીલરોને સસ્પેન્ડ કરવામાં આવી ચૂક્યા છે.

## જુગારીઓ રંગે હાથ ઝડપાયા

### મોરથાણા મારબેલા ફાર્મ હાઉસમાંથી ૨૯.૮૫ લાખના મુદ્દામાલ સાથે ૩૦ જુગારી પકડાયા



આંબોલી-મોરથાણા ફાર્મ હાઉસ માંથી જુગાર રમતા ૩૦ પકડાયા હતા. LCB પોલીસે બાતમી આધારે મોરથાણા ના મારબેલા ફાર્મ હાઉસ બંગલા નંબર ૩ મા ચાલતા જુગાર ધામ પર રેઇડ કરી હતી. સ્થળ પરથી ૩.૧૦ લાખના ૩૦ મોબાઇલ,૪.૨૫ લાખની રોકડ રોકડ, ૨૨.૫૦ લાખના ફોર વ્હીલ,રિક્ષા મોપેડ સહિત ૯ વાહનો મળી કુલ ૨૯.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

## કોટલીમાં દીપડાનો આતંક યથાવતઃ ચારો ચરતી બકરી પર હુમલો કરીને ફાડી ખાધી



કુકરમુંડા- તાપીના નિઝર તાલુકામાં આવેલ મૌજે કોટલી ગામની સીમમાં ફરી ખૂંખાર દીપડાઓનો આંતક સામે આવ્યો છે. ખેતરાડી વિસ્તારમાં બકરીઓ ચરાવવા ગયેલ પશુપાલકની એક બકરી ઉપર ખૂંખાર દીપડાએ હુમલો કરી ખેતરમાં ખેંચી લઇ જઈ મારણ ખાધી હોવાની ઘટના સામે આવી છે.

આ બાબતે મળતી માહિતી મુજબ કોટલી ગામના પશુપાલક પ્રતાપભાઈ લક્ષ્મણભાઈ ગત રોજ ગામની સીમમાં ખેતરાડી વિસ્તારમાં પોતના પાલતુ બકરીઓને ચરાવવા ગયો હતા. જેઓ સાંજના આશરે ચારેક વાગે બકરીઓને લઇને પોતાના ઘરે આવ્યા હતા. ત્યાં જોતા એક બકરી ઓછી નીકળી હતી. જેથી પશુપાલકને શંકા થઇ હતી.કે,ખેતરાડી વિસ્તારમાંથી પરત ફરતી વેળાએ બકરીઓના ટોળામાંથી એક બકરી વિખુટા પડીને ખેતરમાં જ રહી ગઈ છે. જે પશુપાલક સહીત ગામના લોકો બકરીને શોધવા માટે ખેતરાડી વિસ્તારમાં ગયા હતા. તે દરમ્યાન એક જુવારના ઉભા પાકવાળા ખેતરમાં બકરીને ખૂંખાર દીપડાએ ફાડી ખાધેલી હાલતમાં જોવા મળી આવી હતી. આ ઘટના બાદ સમગ્ર વિસ્તારના લોકોમાં ખૂંખાર દીપડાના આંતકને લઇ ભયનો માહોલ છવાઈ ગયો છે.

ઉલ્લેખનીય એ છે.કે, આ ગામની સીમમાં છેલ્લા કેટલાક દિવસોથી ખૂંખાર દીપડાએ આંતક મચાવ્યો છે. અગાઉ પણ આ ગામની સીમમાં ખૂંખાર દીપડો પાંજરામાં કેદ થયો હતો. ત્યાર બાદ પણ લોકોઓને ફરી આ વિસ્તારમાં ખૂંખાર દીપડાઓ નજરે પડ્યા હતા. ગત રોજ ફરી પશુપાલકને એક બકરી ઉપર ખૂંખાર દીપડાએ હુમલો કરીને ફાડી ખાધી હોવાની ઘટના સામે આવતા જ સમગ્ર વિસ્તારના લોકોમાં દીપડાઓને લઇ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

## વાવ-થરાદઃ મૈત્રી કરારથી સાથે રહેતા પ્રેમીનું યુવતીના પરિવારે અપહરણ કરી તાલિબાની સજા આપી, ૨૪ સામે ફરિયાદ



વાવ-થરાદ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક ભયાનક ઘટના પ્રકાશમાં આવી છે. મૈત્રી કરાર કરી સાથે રહેતા પ્રેમી પંખીડાઓને યુવતીના પરિજનોએ શોધી કાઢી, યુવકને ઢોર માર્યો હતો. જેમાં યુવકની હાલત ગંભીર હોવાથી તેને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ અનુસાર, ભોગ બનનાર યુવક અને યુવતી મૈત્રી કરાર કરી અમદાવાદમાં સાથે રહેતા હતા. બીજી એપ્રિલ ૨૦૨૬ની રાત્રે યુવતીના પરિવારના સભ્યોએ કાવતરું રચી અમદાવાદમાં તેમના રૂમનો દરવાજો ખોલાવ્યો હતો. આરોપીઓએ યુવક પાસે રહેલા રોકડ, દસ્તાવેજો અને દાગીના લૂંટી લીધા બાદ બંનેનું કારમાં અપહરણ કર્યું હતું. રસ્તામાં યુવતીને બીજી કારમાં બેસાડી અલગ કરી દેવામાં આવી હતી, જયારે યુવકને એક અવાવરુ જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો.

યુવક પર ગુજારવામાં આવેલી ક્રૂરતા રૂંવાડા ઊભા કરી દે તેવી છે. અજાણ્યા શખસોએ યુવકને પકડી રાખી તેના કપડાં ઉતારી નાખ્યા હતા. ત્યારબાદ યુવકના પ્રાઈવેટ પાર્ટમાં ટ્યુબ લગાવી અને ઈન્જેકશનની સોય ભોંકી અસહ્ય પીડા આપી હતી. એટલું જ નહીં, યુવકના મોઢા અને આંખ પર કોઈ પ્રવાહીનો ફુવારો મારવામાં આવ્યો હતો. જયારે યુવકે બૂમાબૂમ કરી ત્યારે નાક પર ફેંટ મારી તેને લોહીલુહાણ કરી દેવામાં આવ્યો હતો. અત્યાચાર આટલેથી જ ન અટકતા, આરોપીઓ યુવકને એક વાડીમાં લઈ ગયા હતા. ત્યાં છરા વડે યુવકની પીઠ, કાન અને હાથ પર ઘા માર્યા હતા. ત્યારબાદ અન્ય શખસોએ પાઈપ અને પટ્ટા વડે આડેધડ માર મારી તેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવકની હાલત અત્યંત નાજુક જણાતા તેને પ્રથમ થરાદ સિવિલ અને ત્યારબાદ વધુ સારવાર માટે પાલનપુર રીફર કરવામાં આવ્યો છે.

આ ચકચારી ઘટનાને પગલે થરાદ પોલીસ સ્ટેશનમાં કુલ ૨૪ શખસો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં ૧૨ શખસો નામજોગ છે અને અન્ય ૧૨ અજાણ્યા શખસો સામે અપહરણ, લૂંટ, આતંક મચાવવો અને જીવલેણ હુમલો કરવા જેવી વિવિધ કલમો હેઠળ તપાસ શરૂ કરવામાં આવી છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે રોષ અને ફફડાટ વ્યાપી ગયો છે.

## મતદાન જાગૃતિ માટે રેલી યોજાઈ

### વાલોડના સ્યાદલા ખાતે છાત્રાલયની વિદ્યાર્થિનીઓની મતદાન જાગૃતિ રેલી




**સ્યાદલાની શબરી કન્યા છાત્રાલય ની વિદ્યાર્થીનીઓ એ રેલી યોજી નાગરિકોને મતદાન માટે પ્રેરિત કર્યા હતા.**

વાલોડ- વાલોડ તાલુકાના સ્યાદલા ખાતે આવેલ શબરી કન્યા છાત્રાલયની વિદ્યાર્થીનીઓ દ્વારા મતદાન જાગૃતિ માટે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

મતદારોમાં જાગૃતિ લાવવા અને મતદાનનું મહત્વ સમજાવવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. તે જ પ્રયાસોના ભાગરૂપે સ્યાદલાની શબરી કન્યા છાત્રાલય ની વિદ્યાર્થીનીઓ એ રેલી યોજી નાગરિકોને મતદાન માટે પ્રેરિત કર્યા હતા.

વિદ્યાર્થીનીઓએ મતદાન મારો અધિકાર જેવા સૂત્રો લખેલા પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે ગામના મુખ્ય માર્ગો પર ફરી લોકશાહી પ્રત્યે જાગૃતિ ફેલાવી હતી. રેલી દરમિયાન વિદ્યાર્થીનીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને નાગરિકોને મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી હતી.

જિલ્લામાં ચૂંટણીને લઈ તંત્ર સક્રિય બન્યું છે, ત્યારે શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા આવા પ્રયાસોથી મતદારોમાં જાગૃતિ અને ભાગીદારી વધે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કિમ-માંડવી રોડ પર ટ્રકની અડફેટે બે યુવાનોનાં મોત:ખાડાવાળા રસ્તાથી બચવા ટ્રક રોગ સાઈડમાં આવ્યો હતો



માંડવી, ઉમરપાડા- કિમ-માંડવી મુખ્ય ધોરીમાર્ગ પર ફરી એકવાર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. માંડવી તાલુકાના વદેશીયા ગામના પાટિયા પાસે આજે એક ટ્રકે બાઈક સવાર બે યુવાનોને અડફેટે લેતા બંનેના ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. મૃતક યુવાનો ઉમરપાડાના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. સ્થાનિક સૂત્રો અને વદેશીયા ગામના સરપંચ મિતલભાઈ ચૌધરીના જણાવ્યા અનુસાર, રોડનો એક ભાગ સંપૂર્ણપણે તૂટી ગયો છે. આ તૂટેલા રસ્તાના ખાડાઓથી બચવા માટે એક ટ્રક ચાલક ખોટી દિશામાં (રોંગ સાઈડ) આવી રહ્યો હતો. આ ટ્રકે સામેથી આવતા બાઈક સવાર બે યુવાનોને ટક્કર મારી હતી, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ હતી અને સ્થળ પર જ તેમનું મૃત્યુ થયું હતું.

ઘટનાની જાણ થતા જ માંડવી પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અકસ્માતને પગલે સ્થાનિકોમાં તંત્ર અને કોન્ટ્રાક્ટરો સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. વદેશીયા સરપંચે જણાવ્યું હતું કે, આ રસ્તા પર વારંવાર અકસ્માતો થાય છે અને લોકો જીવ ગુમાવે છે.

જો જવાબદાર તંત્ર વહેલી તકે નહીં જાગે તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

## કપાસ આયાત ડ્યૂટી યથાવત રાખવા માંગ:બારડોલીના ખેડૂત અગ્રણી જયેશ દેલાડની નાણામંત્રીને રજૂઆત

**દેલાડના મતે, જો આયાત ડ્યૂટી નાબૂદ કરવામાં આવશે, તો દેશના કરોડો કપાસ ઉત્પાદક ખેડૂતોને આર્થિક નુકસાન થવાની ભીતિ છે. આ નિર્ણયથી સ્થાનિક બજારમાં કપાસના ભાવ ઘટશે અને ભારતના ખેડૂતોને મોટો ફટકો પડશે.**

**બારડોલી-** ખેડૂત અગ્રણી જયેશ દેલાડે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખીને કપાસ પરની ૧૧% આયાત ડ્યૂટી યથાવત રાખવા રજૂઆત કરી છે. તાજેતરમાં ટેક્સટાઈલ ઉદ્યોગો દ્વારા કપાસની આયાતને ટેક્સ ફ્રી કરવાની માંગ કરવામાં આવી હતી.

દેલાડના મતે, જો આયાત ડ્યૂટી નાબૂદ કરવામાં આવશે, તો દેશના કરોડો કપાસ ઉત્પાદક ખેડૂતોને આર્થિક નુકસાન થવાની ભીતિ છે. આ નિર્ણયથી સ્થાનિક બજારમાં કપાસના ભાવ ઘટશે અને ભારતના ખેડૂતોને મોટો ફટકો પડશે. તેમણે જણાવ્યું કે, કાચા તેલના વધતા ભાવને કારણે સિન્થેટિક ફાઈબર મોંઘા થયા છે. પરિણામે, ગારમેન્ટ ઉદ્યોગ સરકાર પર આયાત ડ્યૂટી હટાવવા માટે દબાણ કરી રહ્યો છે.



જો સરકાર આયાત ડ્યૂટી નાબૂદ કરશે, તો વિદેશી કપાસ ભારતમાં સસ્તા ભાવે ઉપલબ્ધ થશે. આનાથી સ્થાનિક કપાસના ભાવ ઘટશે અને વિશ્વના અગ્રણી કપાસ ઉત્પાદક દેશના ખેડૂતોને ભારે નુકસાન થશે.

પત્રમાં દેલાડે સરકારના ખેડૂતલક્ષી અભિગમની પ્રશંસા કરતા જણાવ્યું કે, કેન્દ્ર સરકારે લઘુત્તમ ટેકાના ભાવમાં સતત વધારો કરીને અને વિવિધ યોજનાઓ દ્વારા ખેડૂતોની આવક બમણી કરવાના સકારાત્મક પ્રયાસો કર્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ખેતી એ દેશના વિકાસનો પાયો છે અને ખેડૂતોના હિતમાં ૧૧% ઈમ્પોર્ટ ડ્યૂટી જારી રાખવી જોઈએ જેથી તેમને તેમની મહેનતનું યોગ્ય વળતર મળી રહે.

## આચારસંહિતા લાગુ છતાં નેતાઓના નામ હટ્યા નહી




**બારડોલી-**ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓનું રણશિંગું ફૂંકાઈ ચૂક્યું છે. ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું બહાર પાડતાની સાથે જ સમગ્ર રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે. જોકે, બારડોલી નગર અને તાલુકા વિસ્તારમાં આચારસંહિતાનો સરેઆમ ભંગ થતો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે.

તંત્ર દ્વારા કડક અમલવારીના દાવાઓ વચ્ચે પણ રાજકીય પક્ષોના પ્રચાર પ્રસારના સાધનો હજુ પણ જાહેર સ્થળો પર યથાવત જોવા મળી રહ્યા છે. બારડોલીના ગ્રામ્ય વિસ્તારો જેવા કે ઉમરાખ અને બાબેન સહિતના અનેક ગામોમાં વિવિધ રાજકીય પક્ષોના ચિન્હો, ઝંડાઓ અને મોટા નેતાઓના બેનરો હજુ પણ હટાવવામાં આવ્યા નથી.

નવાઈની વાત તો એ છે કે, ગત ટર્મના શાસકો દ્વારા ગામે-ગામ જે જાહેર બાકડાઓ લોકાર્પણ કરવામાં આવ્યા હતા, તેના પર હજુ પણ નેતાઓના નામ અને પદ સ્પષ્ટપણે નજરે પડી રહ્યા છે. નિયમ મુજબ આચારસંહિતા દરમિયાન આવા તમામ પ્રચારાત્મક લખાણો અને ફોટાઓ ઢાંકી દેવા અથવા દૂર કરવાના હોય છે.

આ પરિસ્થિતિને જોતા સ્થાનિક રહીશોમાં એવી ચર્ચા જાગી છે કે ચૂંટણી તંત્ર આચારસંહિતાનું પાલન કરાવવામાં વામણું પુરવાર થઈ રહ્યું છે. જો તંત્ર દ્વારા સત્વરે આ પ્રચાર સામગ્રી દૂર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં ચૂંટણીની નિષ્પક્ષતા સામે પણ સવાલો ઉઠી શકે છે. હવે જોવાનું એ રહ્યું કે તંત્ર આ મામલે ક્યારે જાગૃત થઈને નક્કર કાર્યવાહી કરે છે.

## કારેલી ગામની સીમમાં થયો અકસ્માત

## પૂરઝડપે જતાં બાઇકચાલકે યુવકને અડફેટે લેતાં મોત થયું




**અકસ્માત એટલો ભયાનક હતો કે રાજનકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.**

બારડોલી- સુરત જિલ્લાના ઓલપાડ તાલુકાના કારેલી ગામની સીમમાં ગત રવિવારે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. સાયણ-કીમ રોડ પર જય દ્વારકાધીશ ભોજનાલય સામેથી રસ્તો ઓળંગી રહેલા એક યુવકને પુરઝડપે આવતા મોટરસાયકલ ચાલકે જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઘવાયેલા યુવકનું સારવાર દરમિયાન સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. મૂળ બિહારના અને હાલ કારેલીમાં મજુરી કરી ગુજરાન ચલાવતા કનૈયાકુમાર સિંગે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમનો મિત્ર રાજનકુમાર છિબન સયાની (30) ગત ૨૯મી માર્ચના રોજ સવારે ૮:30 વાગ્યાના અરસામાં કારેલી ગામ પાસે લક્ષ્મીનગર સોસાયટી સામે રોડ ક્રોસ કરી રહ્યો હતો.

તે દરમિયાન સાયણથી કીમ તરફ જતી એક મોટરસાયકલ ના ચાલકે પોતાના કબજાનું વાહન ગફલતભરી રીતે હંકારી લાવી રાજનકુમારને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે રાજનકુમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સાત દિવસ સુધી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાધા બાદ ગત તા. ૫ એપ્રિલના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યે ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## કડોદરા પોલીસની ત્વરિત એક્શનથી પરિવાર ગદગદિત

## રમતા રમતા ગુમ થયેલા ૫ વર્ષના બાળકને ગણતરીના કલાકોમાં શોધી કાઢ્યું



**બારડોલી-**સુરત ગ્રામ્યના કડોદરા GIDC પોલીસ સ્ટેશનની ટીમે માનવીય સંવેદના અને વ્યાવસાયિક કુશળતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. રમતા રમતા લાપતા થયેલા ૫ વર્ષના માસૂમ બાળકને પોલીસે ગણતરીના કલાકોમાં સુરક્ષિત રીતે શોધી કાઢી તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.


મૂળ બિહારના ગયા જિલ્લાના વતની રાકેશકુમાર પટેલ પલસાણાની સિદ્ધેશ્વરી ડાઇંગ પ્રિન્ટિંગ મિલમાં સુપરવાઇઝર તરીકે ફરજ બજાવે છે અને હાલ કડોદરાના શાંતિનગર વિસ્તારમાં રહે છે. ઉનાળાના વેકેશનને કારણે તેમની પત્ની ૮ અને ૫ વર્ષના બે બાળકો સાથે વતનથી સુરત આવી હતી. રવિવારે તેમનો ૫ વર્ષનો પુત્ર ઋષભ બિલ્ડિંગ નીચે રમતા રમતા અચાનક ગુમ થઈ ગયો હતો. બાળક નવો હોવાથી રસ્તાઓથી અજાણ હોવાને કારણે ભટકીને તાતીથૈયા વિસ્તાર તરફ પહોંચી ગયો હતો.

બાળક ગુમ થતા ગભરાયેલા પરિવારે તાત્કાલિક કડોદરા પોલીસનો સંપર્ક કર્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી પોલીસ ઇન્સ્પેક્ટર વી.એ. દેસાઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના PSI ભૂપેન્દ્રસિંહ વાઘેલા અને તેમની ટીમે તાત્કાલિક સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને સ્થાનિક બાતમીદારોની મદદથી તપાસ તેજ બનાવી હતી. માત્ર ૨ થી ૩ કલાકની સઘન શોધખોળ બાદ પોલીસે તાતીથૈયા વિસ્તારમાંથી ઋષભને સલામત રીતે શોધી કાઢ્યો હતો. પોલીસે બાળકને તેના માતા-પિતાને સોંપતા પરિવારમાં ખુશીનો માહોલ છવાયો હતો. પિતા રાકેશ પટેલે કડોદરા પોલીસની ત્વરિત કામગીરી અને સંવેદનશીલતા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

કડોદરા પોલીસની આ કામગીરીએ સાબિત કર્યું છે કે ખાખી વર્દી હંમેશા જનતાની સુરક્ષા અને સેવા માટે તત્પર છે. આ માનવીય અભિગમથી પોલીસ પ્રત્યે પ્રજાનો વિશ્વાસ વધુ મજબૂત બન્યો છે.

**બાળક ગુમ થતા ગભરાયેલા પરિવારે તાત્કાલિક કડોદરા પોલીસનો સંપર્ક કર્યો હતો.**

ANILDARBAR
Mo: 97242 60058
DHARMESH PATEL
Mo: 99250 47272
વી. એસ. ચીકન કોર્નર
ચિકન, મટન, ફીસ, ઝીંગા તેમજ ઈંડાની દરેક આઈટમ મળશે...



મુ. પો. સેવણી, પેટ્રોલ પંપની બાજુમાં,
તા. કામરેજ, જી. સુરત

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..
આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો
સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો
http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

દુકાન ભાડે આપવાની છે...
શાસ્ત્રી રોડ તથા ગાંધી રોડ પર
ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, ટારગેટ મોલ નજીક, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...
આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન અને બાંધકામ માટે સંપર્ક કરો
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. (Social media)